

આદ્ય સ્થાપક
સ્વ.કંચનલાલ એમ. પટેલ

## પરિમલ મંડળ, લુણાવાડા
## આર.એમ. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, લુણાવાડા

OKC Sankul
Shaping up the Career

**શાળા-શિક્ષણ અને સહશિક્ષણને**
**વાચા આપતુ ત્રિમાસિક શાળા મેગેઝીન**

# OKC પ્રેરણાપુષ્પ


"। कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन् ।"

અંક-૨, | વર્ષ-૨૦૧૮-૧૯

સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર

**Website : www.okcsankul.in**
Email : kisanmvidyalaya@gmail.com















સંપાદક : ઓકેસી શૈક્ષણિક સંકુલ, કે.એમ.વી. રોડ, લુણાવાડા. જિ.મહીસાગર -૩૮૯૨૩૦
મુખ્ય સંયોજક : ડી.એ. પ્રજાપતિ સહ સંયોજક : શ્રીમતિ પી.કે.પટેલ, શ્રીમતિ એસ.એફ.પારગી

# એક વિરલ વ્યક્તિત્વ



શિક્ષણ જગતના લડવૈયા એવા સ્વ. કંચનભાઇએ શૈક્ષણિક કારકિર્દી અને ૧૯૬૫ થી પ્રારંભ કરી, જીવનમાં બની શકે તો શિક્ષણ આપતી શ્રેષ્ઠ સંસ્થાનું નિર્માણ જો લુણાવાડા ખાતે થાય તો નગર તેમજ ગ્રામ્ય વિસ્તારના બાળકોને ઉચ્ચત્તમ શિક્ષણ મેળવવાની ભૂખ ભાગી શકાય, તેવો મનોમન સંકલ્પ સ્ફૂરતાં તેઓએ ચાવડીબાઇના મુવાડા, કોઠંબા, લીમડીયા હાઇસ્કૂલમાં અધ્યાપન કાર્ય કર્યા. પછી શિગ્નલીમાં સરસ્વતી હાઇસ્કૂલની સ્થાપના કર્યાના બે વર્ષ પછી તેમના મનના સ્વપ્નોને સાકાર કરવા લુણાવાડામાં શરૂ કરેલ કિસાન માધ્યમિક વિદ્યાલયના, આચાર્યપદે નિયુક્ત થયા. ત્યારથી સતત શૈક્ષણિક પરિવર્તનો અને નવા સુધારાવાદી વિચારોને સાકાર કરવા અથાગ પરિશ્રમ કરી અનેક મુશ્કેલીઓના માર્ગને એકલા હાથે ઉન્નતિના શિખરો સર કરવા માટે સદર શાળામાં બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર, સામાન્ય, વિજ્ઞાનપ્રવાહ અને ઇંગ્લીશ મિડિયમ જેવા વિવિધ વિભાગો સ્કૂલમાં કાર્યરત કરી રાખેલ છે.

હાલના મંડળના પ્રમુખશ્રી મૌલિકભાઇએ EuroKids નો પ્રારંભ છેલ્લા બે વર્ષથી શરૂ કર્યો. સ્વ. કંચનભાઇએ સદર સંકુલને વટવૃક્ષ બનાવી તેમનું ધારેલ સ્વપ્ન પૂર્ણ કર્યું.


સ્વ. કંચનભાઇએ માત્ર શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ કરતાની સાથે સામાજિક ક્ષેત્રે પંચમહાલ જિલ્લા પાટીદાર પરિષદ, મધ્ય ગુજરાત પાટીદાર પરિષદ કાર્યરત કરી પાટીદાર સંસ્કૃતિને વેગવંતી બનાવી ''અન્નપૂર્ણા ''જેવી અનેક સેવાકિય પ્રવૃત્તિઓને જીવન મંત્ર બનાવી સામાજિક ક્ષેત્રે સુગંધ પ્રસરાવી સૌના પ્રેરણારૂપ, માર્ગદર્શક બની રહ્યાં હતા. જેમને આજે પણ યાદ કરતા ગૌરવની લાગણી અનુભવિએ છીએ.

- સંકલન,
શ્રી બી.આર.પટેલ
માનદ્ નિયામકશ્રી, ઓ.કે.સી. સંકુલ, લુણાવાડા





# સ્વ-શિક્ષક દિનની ઉજવણી



તા.૦૫/૦૯/૨૦૧૮ ને બુધવારના રોજ ઓકેસી સંકુલમાં ''સ્વ-શિક્ષકદિન''ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં વિદ્યાર્થીઓએ શિક્ષક, સુપરવાઇઝર, આચાર્યશ્રી, સેવકભાઇ તરીકેની ભૂમિકા અદા કરી અને જે અનુભૂતિ થઇ તેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. જેથી વિદ્યાર્થીઓની આંતરિક શકિતઓને ઓળખી શિક્ષણનું મહત્વ સમજે. સંકુલના દરેક વિભાગ પ્રમાણે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર આપવામાં આવેલ હતો.

| | |
|---|---|
| પ્રથમ :- | દોશી મનન યુ. |
| દ્વિતીય :- | પટેલ જૈમિન એલ. |
| તૃતીય :- | માછી મોનિકા એમ. |

# State Level Rural IT Quiz



The district level competition of "RURAL IT QUIZ" competition was held at our OKC Sankul during last week of August 2018. Our 12 [Twelve] students won Mahisagar District Level competition and secured their place for Gujarat State Level Competition. The Team was leaded by our Physics Teacher Mr. N.G.Trivedi Sir. We congratulate all students and teacher for securing their place at state level competition.

## તાલુકા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન




તા.૧૫/૦૯/૨૦૧૮ ને શનિવારના રોજ "તાલુકા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન" લાડવેલ મુકામે કરવામાં આવેલ હતું. જેમાં ઓમકાર મૌલિક વિદ્યાલય, લુણાવાડાની શાળાના વિદ્યાર્થીઓએ કુલ-૫ વિભાગોમાં ભાગ લઇ વિજ્ઞાનથી થતી પ્રગતિ, રોજીંદા જીવનમાં વિજ્ઞાન કઇ રીતે ફળદાયી નીવડે તેવા કૌશલ્યોનો અનુભવ પ્રાપ્ત કરેલ હતો.

## CRC કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન



તા.૧૮/૦૯/૨૦૧૮ ને મંગળવારના રોજ CRC કક્ષાનું "ગણિત-વિજ્ઞાન પ્રદર્શન" યોજાઇ ગયું. જેમાં કિસાન પ્રાથમિક વિભાગના બે(૨) વિદ્યાર્થીઓએ ડૉ. પોલન સ્કૂલ, લુણાવાડા ખાતે (અ) વિભાગ-૩ માં ખારોલ ખાતે CRC અને તાલુકા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શનમાં "ડાઇનેમો દ્વારા વિદ્યુત ઉત્પાદન" નામનું મોડેલ રજૂ કર્યું હતું. જેથી વિદ્યાર્થીઓની આંતરિક શકિતઓને બહાર લાવવાની તક વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા થઇ શકે એમ છે.

| | |
|---|---|
| પ્રથમ :- | સુથાર નીલ. આર. |
| પ્રથમ :- | બારીઆ દિગ્વિજય પી. |

## EuroKids Blue Day



તા.૧૮/૦૯/૨૦૧૮ ને મંગળવારના રોજ ઓકેસી સંકુલમાં 'BLUE DAY" ની ઉજવણી કરવામાં આવી હતી. Blue Day ના દિવસે "Blue - Colour" ના Toys, Balloons, Stars, Shapes, Fishes, Balls etc. ને Blue Colour થી શણગારવામાં આવેલ હતા. Blue Day એક પ્રકારની થીમ છે. જે દરેક મહિનામાં વિવિધ કલરોની ઉજવણી કરવાથી વિદ્યાર્થીઓ Colour અને તેનું મૂલ્ય સમજી શકે.


## જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદશન અને પર્યાવરણ પ્રદર્શન




તા.૨૪, ૨૫/૦૯/૨૦૧૮ ને સોમવાર, મંગળવારના રોજ "જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન" બાલાસિનોર મુકામે યોજાઇ ગયું. જેમાં કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડાના વિદ્યાર્થીઓએ વિભાગ-૨ અને વિભાગ-૩ માં "મલ્ટી વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ"ની કૃતિ રજૂ કરી, જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હતું. હવે રાજયકક્ષાએ ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં મહિસાગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

| | |
|---|---|
| પ્રથમ :- | મકવાણા ઇન્દ્રવદન બી. |
| પ્રથમ :- | પટેલ દર્શન પી. |

## કલા મહોત્સવ – ૫



તા.૨૯/૦૯/૨૦૧૮ ને શનિવારના રોજ CRC કક્ષા એ ડૉ. પોલન સ્કૂલ, લુણાવાડા ખાતે ''પાંચમો કલા મહોત્સવ'' યોજાઈ ગયો. જેમાં કિસાન પ્રાથમિક વિદ્યાલય, લુણાવાડાના કુલ-૪૦ વિદ્યાર્થીઓએ ચિત્ર, નિબંધ, કાવ્ય, વકૃત્ત્વ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં ગાંધીજીના વિચાર પર આધારિત વિષયો આપવામાં આવેલ હતા. તેમાં ચાર સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રોકડ ઈનામ ₹૯૦૦/- અને પ્રમાણપત્રો મેળવેલ છે.

| | | |
|---|---|---|
| (૧)ચિત્ર સ્પર્ધા | પટેલ સ્તવન જે. | પ્રથમ |
| (૨)નિબંધ સ્પર્ધા | પ્રજાપતિ સૃષ્ટિ આર. | પ્રથમ |
| (૩)કાવ્ય-દર્શન | પટેલ સિદ્ધિ વાય. | દ્વિતિય |
| (૪)વકૃત્ત્વ સ્પર્ધા | પટેલ ક્રિષ્ના આર. | દ્વિતિય |

## સાયન્સ ક્વિઝ




તા.૦૪/૧૦/૨૦૧૮ ને ગુરૂવારના રોજ ઓકેસી સંકુલમાં ''સાયન્સ કિવઝ''નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૧૨ વિદ્યાર્થીઓની પસંદગી કરી ત્રણ (૩) ટીમ બનાવી હતી. તેમાં ગણિત, વિજ્ઞાન, જી.કે., અંગ્રેજી વિષયના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેથી વિદ્યાર્થીઓ માનસિક રીતે વિચારતા થાય અને વિવિધ સ્પર્ધાઓથી માહિતગાર બને. દરેક વિભાગ પ્રમાણે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર આપવામાં આવેલ હતો.

| | | |
|---|---|---|
| પ્રથમઃ- | પટેલ હેત્વી એ. | પટેલ વૈશ્વી એસ. |
| પ્રથમઃ- | પ્રજાપતિ અંજલિ જે. | પ્રજાપતિ આનંદ ડી. |

## જિલ્લા કક્ષાનો યુવા મહોત્સવ



તા.૨૯/૦૯/૨૦૧૮ ને શનિવારના રોજ ''જિલ્લા કક્ષાનો યુવા મહોત્સવ'' કિસાન માધ્યમિક વિદ્યાલયના પટાંગણમાં યોજાઈ ગયો. જેમાં અત્રેની શાળાના કુલ ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હતો. જેમાં વિભાગ-૬ માં કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડાના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

| | | |
|---|---|---|
| (૧) ભરતનાટ્યમ્ | શાહ વિધિ એમ. | પ્રથમ |
| (૨) હાર્મોનિયમ | કાછિયા ધ્રુવી એચ. | પ્રથમ |
| (૩) ગરબા | બારોટ આનિયા એ. | પ્રથમ |
| (૪) વકૃત્ત્વ સ્પર્ધા | શાહ વિધિ એમ. | પ્રથમ |

| | | |
|---|---|---|
| (૧) નિબંધ | પ્રજાપતિ સૃષ્ટિ આર. | પ્રથમ |
| (૨) ભજન | મકવાણા પ્રેક્ષા એમ. | પ્રથમ |


## ગીતાના કંઠસ્થ શ્લોક સ્પર્ધા



તા.૦૪/૧૦/૨૦૧૮ ને ગુરૂવારના રોજ ઓકેસી સંકુલમાં ''ગીતાના કંઠસ્થ શ્લોક'' સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લઈ છંદોબદ્ધ રીતે શ્લોકોનું ગાન કરી. સૌ શ્રોતાજનોને મંત્રમુગ્ધ અને ગીતામય બનાવી દીધા હતા. વિદ્યાર્થીઓનો આધ્યાત્મિક ક્ષેત્રે, અને વાક્છટાનો વિકાસ થાય. તે હેતુસર ગીતાના કંઠસ્થ શ્લોક સ્પર્ધાનું આયોજન કરેલ હતું. દરેક વિભાગ પ્રમાણે પ્રથમ અને દ્વિતિય નંબર આપવામાં આવેલ હતો.

| | |
|---|---|
| પ્રથમ :- | માછી મોનિકા એમ. |
| દ્વિતિય :- | ઠાકોર જય પી. |

## નિબંધ સ્પર્ધા




તા.૦૫/૧૦/૨૦૧૮ ને શુક્રવારના રોજ ઓકેસી સંકુલમાં ''નિબંધ સ્પર્ધા''નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. નિબંધનો વિષય ''મારા જીવનનું ધ્યેય'' હતો. જેથી વિદ્યાર્થીઓ નિબંધ સ્પર્ધામાં પોતાના મૌલિક વિચારો રજૂ કરી શકે અને તેમનું અક્ષરલેખન સુધરે તે હેતુસર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતુ. દરેક વિભાગ પ્રમાણે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર આપવામાં આવેલ હતો.

| | |
|---|---|
| પ્રથમ | પટેલ વૈશ્વી એસ. |
| દ્વિતિય | વિરમગામીયા રોહિત પી. |
| તૃતીય | રાણા ધ્રુવેશ એસ. |

## ગરબા હરિફાઈ



તા.૦૬/૧૦/૨૦૧૮ ને શનિવારના રોજ ઓકેસી સંકુલના પટાંગણમાં ''ગરબા હરિફાઈ''નું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં દરેક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લઈ હિન્દુ સંસ્કૃતિનો પારંપરિક પહેરવેશ ધારણ કરી ગરબાની રમઝટ બોલાવી હતી. જેથી વિદ્યાર્થીઓ વિવિધ તહેવારો અને પારંપરિક વસ્ત્રોનું મૂલ્ય સમજતા થાય. દરેક વિભાગ પ્રમાણે Best Performance અને Dressing માટે દરેક વિભાગ પ્રમાણે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર આપવામાં આવેલ હતો.

| | |
|---|---|
| પ્રથમ | શાહ વિધિ પી. |
| દ્વિતિય | પટેલ મહી એમ. |
| તૃતીય | પટેલ પ્રિન્સી જે. |

## Eurokids- Yellow Day & Sandwich Making Competitions



On the date 8th October 2018, Yellow Day and Sandwich making competition was held in Eurokids. The parents also took part in it. The kids enjoyed a lot and the parents also took part in sandwich making and felt like a part of the school. All the kids were motivated and encouraged by their parents & teachers.

## ભારતીય સંસ્કૃતિની પરીક્ષા



તા.૦૮/૧૦/૨૦૧૮ ને સોમવારના રોજ ઓકેસી સંકુલમાં ''ભારતીય સંસ્કૃતિ''ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં કુલ ૧૦૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. તે જ પ્રમાણે ધો.૧૦ના વિદ્યાર્થીઓ માંથી કુલ ૮૨ એ પણ NTSE Exam ના આવેદનપત્ર ચાલુ વર્ષ ૨૦૧૮ માં ભરેલ છે. આજના આ સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ સાથે તાલમેલ મેળવી શકે તે હેતુસર વિવિધ પરીક્ષાઓનું આયોજન આપણી શાળામાં અવારનવાર થતુ જ હોય છે.

## જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ




તા.૦૯/૧૦/૨૦૧૮ ને મંગળવારના રોજ ''ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગર્વનમેન્ટ ઓફ ગુજરાતના'' સંયુક્ત ઉપક્રમે મહિસાગર જિલ્લામાં જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૮ લુણાવાડા ખાતે યોજાઈ ગઈ. તેમાં કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડાના વિદ્યાર્થીઓએ "Waste to Wealth" પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. અને જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી હવે રાજય કક્ષાએ મહિસાગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

| | |
|---|---|
| પ્રથમઃ- | મકવાણા ઈન્દ્રવદન બી. |
| પ્રથમઃ- | મકવાણા નિહાલ વી. |

## સ્ટેચ્યુ ઓફ યુનિટી



તા.૨૭/૧૦/૨૦૧૮ ને શનિવારના રોજ ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' અંતર્ગત મહિસાગર જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના જીવન પર આધારિત નિબંધ સ્પર્ધા, ચર્ચા સ્પર્ધા અને પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેમાં કિસાન માધ્યમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તેમાં વિજેતાઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | નિબંધ સ્પર્ધા | પટેલ દ્યેય એસ. | પ્રથમ |
| (૨) | પ્રશ્નોત્તરી | મકવાણા ઈન્દ્રવદન બી. | પ્રથમ |

## દિવાળી કાર્ડ સ્પર્ધા




તા.૧૨/૧૧/૨૦૧૮ ને સોમવારના રોજ ઓકેસી સંકુલમાં ''દિવાળી કાર્ડ સ્પર્ધા''નું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં દરેક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ચિત્રકલાનું મૂલ્ય, વિવિધ રંગોનું મહત્વ, તેમનામાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવી પોતાની પ્રતિભા બતાવી શકે તે હેતુસર કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડામાં દિવાળી કાર્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. દરેક વિભાગ પ્રમાણે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર આપવામાં આવેલ હતો.

| | |
|---|---|
| પ્રથમ | ગોહિલ વંદના એન. |
| દ્વિતિય | યાદવ નિશા એ. |
| તૃતીય | ધોબી હેલી એમ. |

## તાલુકા અને જિલ્લા કક્ષાએ ખેલ મહાકુંભ-૨૦૧૮



વર્ષ ૨૦૧૮ નો ખેલમહાકુંભમાં કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડાની શાળાના કુલ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હતુ. તેમાં તાલુકા કક્ષાએ પ્રથમ અને દ્વિતિય સ્થાનમાં કુલ ૪૫ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. જેમાં વિકલાંગ તથા અન્ય વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી રાજયકક્ષાએ પોતાનું પ્રતિનિધિત્વ કરશે.

### ખેલ મહાકુંભ ૨૦૧૮ તાલુકા અને જિલ્લા કક્ષાનું પરિણામ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | રમતનું નામ | મેળવેલ સ્થાન |
|---|---|---|---|
| ૧. | પટેલ અમન એમ. | જુડો | દ્વિતિય |
| ૨. | માછી તૃષા એન. | બેડમિન્ટન | પ્રથમ |
| ૩. | પટેલ ધ્યેય એસ. | બેડમિન્ટન | દ્વિતિય |
| ૪. | સેવક રાજ એચ. | બેડમિન્ટન | દ્વિતિય |
| ૫. | ઠાકોર ધ્રુવરાજ એ. | બેડમિન્ટન | તૃતીય |
| ૬. | હોકી ટીમ | હોકી | દ્વિતિય |

### જિલ્લા કક્ષાએ વિકલાંગ શિક્ષક તેમજ વિદ્યાર્થીઓનું પરિણામ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | રમતનું નામ | મેળવેલ સ્થાન |
|---|---|---|---|
| ૧. | પટેલ ભાવિન એસ. | લાંબી કૂદ | પ્રથમ |
| | | ૧૦૦મીટર દોડ | દ્વિતિય |
| ૨. | ચૌધરી જશોદા એચ. | ૧૦૦મીટર દોડ | પ્રથમ |
| | | ચક્ર ફેંક | દ્વિતિય |
| ૩. | પટેલીયા પ્રકાશ આર. | ૮૦૦ મીટર દોડ | પ્રથમ |
| ૪. | જોષી મિતેષ એ. | ટ્રાઈસિકલ | તૃતીય |
| ૫. | પટેલીયા પ્રકાશ આર. | ગોળા ફેંક | તૃતીય |
| ૬. | એચ. એચ. નકુમ (મ.શિ.) | ઊંચી કૂદ | પ્રથમ |
| | | લાંબી કૂદ | તૃતીય |

### જિલ્લા કક્ષાએ શિક્ષક ખેલાડીઓનું પરિણામ

| ક્રમ | શિક્ષકશ્રીઓના નામ | હોદ્દો | રમત | મેળવેલ સ્થાન |
|---|---|---|---|---|
| ૧. | શ્રી એચ.વાય. પટેલ [H.S.C.] અંડર ૪૦ | મ.શિ. | લાંબી કૂદ | પ્રથમ |
| ૨. | શ્રી એસ.વી. સંગાડા [S.S.C.](અ.બ.વ) | મ.શિ. | લાંબી કૂદ | દ્વિતિય |
| ૩. | શ્રી એમ.બી.પટેલ [H.S.C.] અંડર ૪૦ | મ.શિ. | ગોળા ફેંક | તૃતીય |



## ખેલ મહાકુંભ સન્માન સમારોહ-૨૦૧૮





તા.૦૨/૧૧/૨૦૧૮ ને શુક્રવારના રોજ કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડાના પટાંગણમાં "ખેલ મહાકુંભ સન્માન સમારોહ-૨૦૧૮" નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલુકા, જિલ્લા, રાજય કક્ષાએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લઈ કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડાનું નામ રોશન કર્યું હતું અને જિલ્લા, રાજ્ય કક્ષાએ કુલ ઈનામ ૧,૭૩,૦૦૦/- પ્રાપ્ત કરેલ છે. જે અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહિસાગરના શિક્ષણ નિરીક્ષકશ્રી જે.એસ.પટેલ સાહેબ અને યુ.બી. માલીવાડ સાહેબશ્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિજેતા બનેલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા અને કિસાન માધ્યમિક વિદ્યાલય શાળાને અભિનંદન પણ પાઠવ્યા હતા.

તદ્‌ઉપરાંત ગુજરાત રાજય કક્ષાએ રમાયેલ જુડોની સ્પર્ધામાં પટેલ અમન. એમ. તૃતિય સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ, પ્રાપ્ત કરેલ છે તથા રાજ્ય કક્ષાએ ૮૦૦ મીટરની દોડ સ્પર્ધામાં પટેલીયા પ્રકાશ આર. ગોલ્ડ મેડલ મેળવી મહિસાગર જિલ્લા અને કિસાન વિદ્યાલય, લુણાવાડાનું નામ રોશન કરેલ છે. શ્રેષ્ઠ દેખાવ બદલ ઓકેસી સંકુલના પ્રમુખશ્રી મૌલિકભાઈ કે. પટેલ સાહેબે શ્રી એમ. બી. પટેલ અને શ્રી એસ. વી. સંગાડા વ્યાયામ શિક્ષકશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ હતા.

ખેલ મહાકુંભ ૨૦૧૮ વિજેતા બનેલ વિદ્યાર્થીઓના સન્માન સમારંભની યાદી

| ક્રમ | વિજેતા વિદ્યાર્થીઓના નામ | રમતનું નામ | પ્રાપ્ત કરેલ નંબર |
|---|---|---|---|
| ૧. | પટેલ અમન એમ. | જુડો | બ્રોન્ઝ મેડલ |
| | | | રાજય તૃતીય |
| ૨. | પટેલીયા પ્રકાશ આર. | ૮૦૦ મી. દોડ | ગોલ્ડ મેડલ |
| | | | રાજ્ય પ્રથમ |
| ૩. | માછી તૃષા એન. | બેડમિન્ટન | જિલ્લા પ્રથમ |
| ૪. | સેવક રાજ એચ. | બેડમિન્ટન | જિલ્લા પ્રથમ |
| ૫. | પરમાર સ્મિત આર. | ટેકવેન્ડો | જિલ્લા પ્રથમ |

| | | | |
|---|---|---|---|
| ૬. | તાવિયાડ કિશોર બી. | આર્ચરી | જિલ્લા પ્રથમ |
| ૭. | ઝાલા સૂરજબા એસ. | ૫૦મીટર દોડ | જિલ્લા પ્રથમ |
| ૮. | પટેલ ધ્યેય એસ. | બેડમિન્ટન | જિલ્લા પ્રથમ |
| ૯. | પટેલ વ્રજ એસ. | બેડમિન્ટન | જિલ્લા દ્વિતીય |
| ૧૦. | રણા કૃપાલી આર. | ચેસ | જિલ્લા દ્વિતીય |
| ૧૧. | પરમાર ભાર્ગવ આર. | ચેસ | જિલ્લા દ્વિતીય |
| ૧૨. | રાઠોડ કુલદીપ જી. | કુસ્તી | જિલ્લા દ્વિતીય |
| ૧૩. | ઠાકોર જય પી. | ગોળા ફેંક | જિલ્લા દ્વિતીય |
| ૧૪. | પુવાર પીનલ ડી. | ૪૦૦મીટર દોડ | જિલ્લા તૃતીય |
| ૧૫. | ઠાકોર યુવરાજ એ. | બેડમિન્ટન | જિલ્લા તૃતીય |
| ૧૬. | ઠાકોર ઝંકાર પી. | ચેસ | જિલ્લા તૃતીય |
| ૧૭. | માલીવાડ જયપાલ બી. | ૨૦૦મીટર દોડ | જિલ્લા તૃતીય |
| ૧૮. | સોલંકી ઋત્વિક એમ. | ટેકવેન્ડો | જિલ્લા તૃતીય |
| ૧૯. | અંડર ભાઈઓની ટીમ | ખો-ખો | જિલ્લા તૃતીય |
| ૨૦. | અંડર બહેનોની ટીમ | ખો-ખો | જિલ્લા તૃતીય |
| ૨૧. | અંડર બહેનોની ટીમ | રસ્સા ખેંચ | જિલ્લા તૃતીય |














## ઈન્સપાયર એવોર્ડમાં પસંદગી

ઈન્સપાયર એવોર્ડ સ્કીમ-માનાંક માં ઓકેસી સંકુલની કેરવેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાંથી ૪ વિદ્યાર્થીઓની તેમજ ઓમકાર મૌલિક વિદ્યાલય સ્કૂલમાંથી ૧ વિદ્યાર્થીની પસંદગી થયેલ છે. આ તમામ વિદ્યાર્થીઓને કૃતિ નિર્માણ અંતર્ગત ૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર રોકડ પ્રાપ્ત થયેલ છે. ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ નો ઈન્સ્પાયર એવોર્ડ સ્કીમ 'માનાંક' પ્રદર્શન સંભવિત તા.૩૧-૧૨-૧૮ ના રોજ યોજાનાર છે. આ તમામ વિદ્યાર્થીઓને ઓકેસી સંકુલ તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.